The Child–Angel

They clamour and fight, they doubt and despair,
they know no end to their wranglings.
Let your life come amongst them like a flame of light, my child,
unflickering and pure, and delight them into silence.
They are cruel in their greed and their envy,
their words are like hidden knives thirsting for blood.
Go and stand amidst their scowling hearts, my child,
and let your gentle eyes fall upon them
like the forgiving peace of the evening
over the strife of the day.
Let them see your face, my child,
and thus know the meaning of all things;
let them love you and thus love each other.
Come and take your seat in the bosom of the limitless, my child.
At sunrise open and raise your heart
like a blossoming flower,
and at sunset bend your head
and in silence complete the worship of the day.

The Crescent Moon]

My Song

This song of mine will wind its music around you,
my child, like the fond arms of love,
This song of mine will touch your forehead
like a kiss of blessing.
When you are alone it will sit by your side
and whisper in your ear,
when you are in a crowd
it will fence you about with aloofness.
My song will be like a pair of wings to your dreams,
it will transport your heart to the verge of the unknown.
It will be like the faithful star overhead
when dark night is over your road.
My song will sit in the pupils of your eyes,
and it will carry your sight into the heart of things.
And when my voice is silent in death,
my song will speak in your living heart.

The Crescent Moon]

મંગલગીત–૧/૨

તેઓ લડે છે અને ઝઘડે છે.
તેઓ વાંધા પાડે છે અને નિરાશ થાય છે.
તેમના લડાઈ–ઝઘડા અંતહીન છે.
મારા બાળક, તારું જીવન તેમને માટે બની રહે જ્યોત પ્રકાશની,
સ્થિર અને પરિશુદ્ધ બક્ષતી શાંતિ આનંદની.
લોભ અને અદેખાઈથી તેઓ ક્રૂર બને છે.
એમની ભાષા લોહીતરસી, છૂપી છરી જેવી છે.
મારા બાળક, બિરાજી તેમના ગમગીન હૈયામાં,
નાંખ તારી નિર્મળ નજર તેમના ઉપર,
દિવસની મથામણ પર ક્ષમાની શાંતિ પાથરતી સાંજની જેમ.
મારા બાળક, જોવા દે તેમને તારું મુખારવિંદ,
જેથી તેઓ પામે સાર સર્વનો ને ચાહીને તને, ચાહે પરસ્પરને.
આવ અને અસીમના અંતરતમે સ્થાન લે તારું,
મારા બાળક, સૂર્યોદયે ખિલતા ફૂલની જેમ ખોલીને ઉન્નત તારું હૈયું
અને સૂર્યાસ્તે, નત મસ્તકે મૌનમાં કરજે સંપૂર્ણ દિવસની પ્રાર્થના.

મંગલગીત-૧

મારું ગીત પ્રેમની સુકોમળ આંગળીઓથી
તારી આસપાસ સંગીત ગુંથશે.
મારું ગીત તારા કપાળને
આશીર્વાદની જેમ ચૂમશે.
એકાંતમાં તારી પાસે બેસીને
તારા કાનમાં એ ગુંજશે.
જનમેદનીમાં તારી આસપાસ
એ એકાંતની દીવાલ ચણશે,
આ ગીત તારા સ્વપ્નોને પાંખ આપીને
તારા દિલને અજાણ ક્ષિતિજે લઈ જશે.
અંધારી રાત્રે એ તારાની જેમ તારો પથ ઉજાળશે.
મારું ગીત, તારી આંખની કીકીમાં બેસીને
હૃદયના ઊંડાણમાં લઈ જશે
અને જ્યારે મારો અવાજ બંધ થઈ જશે
ત્યારે તારા અંતરમાં ધબકશે, મારું ગીત.

–1–

Come friend, flinch not,
step down upon the hard earth.
Do not gather dreams in the dusk.
Storms are brewing in the sky,
lightning flashes are striking at our sleep.
Come down to the common life.
The web of illusion is torn,
take shelter within walls of rough stones.

Poems]

મરીચિકા

આવ મિત્ર, ખચકાયા વિના કર કઠણ ધરા પર પદાર્પણ,
વીણ ના સંધ્યાટાણે શમણાં.
આકાશે ઘેરાતું ઘમસાણ
ને નિદ્રા 52 વીજપ્રહાર.
ક2 અંગીકા2 સર્વજનજીવન.
ચીરાયું માયાનું આવ2ણ.
હવે આશ્રય તારો કઠોર પાષાણે.

–2-6–

I was to go away; still she did not speak.
But I felt, from a slight quiver,
her yearning arms would say:
"Ah, no, not yet."
I have often heard her pleading hands
vocal in a touch,
though they knew not what they said.
I have known those arms to stammer when,
had they not, they would have become
youth's garland round my neck.
Their little gestures
return to remembrance in the covert of still hours;
like truants they playfully reveal
things she had kept secret from me.

The Fugitive]

બાહુ

હું જવાનો હતો, પણ તે કાંઈ જ ન બોલી.
છતાં યે મને કંપન પરથી લાગ્યું કે તેના તલસતા બાહુ બોલતા,
'ના, ના, હજી નહીં.'
મેં ઘણીયે વા2 સાંભળ્યો છે
એના વિનવતા હાથના સ્પર્શમાં એનો અવાજ
જો કે તે શું કહે છે તે પોતે જાણતા ન હતા!
મેં જોયા છે એ હાથને ખચકાતા
જો તે ન ખચકાતા હોત તો મારે ગળે યૌવનની માળાની જેમ વીંટળાત.
આ સ્તબ્ધ સમયના ઓવારે યાદ આવતા તેમના નાજુક ઈશારા,
મસ્તીખોરની માફક રમત રમતમાં તે કરી દેતાં તેનાં રહસ્યો છતાં.

–2-7–

My songs are like bees;
they follow through the air some fragrant trace –
some memory – of you,
to hum around your shyness,
eager for its hidden store.
When the freshness of dawn droops in the sun,
when in the noon
the air hangs low with heaviness
and the forest is silent,
my songs return home,
their languid wings dusted with gold.

The Fugitive]

કલ્પના મધુપ

મારા ગીતો મધમાખી જેવાં છે.
હવામાં તારી સુગંધને, તારી યાદને તે અનુસરે છે.
અને તારી શરમાળ નજરની આસપાસ ગણગણે છે –
એના છૂપા ખજાનાની આશામાં!
જ્યારે પ્રભાતની તાજગી સૂર્યપ્રકાશમાં વીલાય છે,
જ્યારે બપોરે વાતાવ2ણ બોઝીલ થાય છે,
જ્યારે વનવગડે શાંતિ છવાય છે,
ત્યારે તેમની સુવર્ણ2જ-અંકિત પાંખો સાથે,
મારાં ગીતો ઘરે પાછા આવે છે.

–22–

When she passed by me with quick steps,
the end of her skirt touched me.
From the unknown island of a heart
came a sudden warm breath of spring.
A flutter of a flitting touch brushed me
and vanished in a moment,
like a torn flower petal blown in the breeze.
It fell upon my heart like a sigh of her body
and whisper of her heart.

The Gardener]

આંચલેર બાતાશ

ઉતાવળા પગલે, પસાર થતા,
મને અડતો, એના પાલવનો છેડો.
જાણે આવી, હૃદયના અણજાણ દ્વીપમાંથી
વસંતના વાયરાની હુંફાળી લહેર.
એક અછડતો સ્પર્શ, ક્ષણમાત્ર અડક્યો અને અલોપ થયો.
જાણે પવનમાં ઊડતી, તૂટેલી ફૂલની પાંખડી.
અને છવાયો મારા હૃદયે, જાણે એની કાયાનો નિઃશ્વાસ
અને હૈયાની છૂપી વાત.

–31–

My heart, the bird of the wilderness,
has found its sky in your eyes.
They are the cradle of the morning,
they are the kingdom of the stars.
My songs are lost in their depths.
Let me but soar in that sky, in its lonely immensity.
Let me but cleave its clouds
and spread wings in its sunshine.

The Gardener]

હૃદય આકાશ

મારા હૃદય,
મુક્ત વનપંખીને મળ્યું છે એનું આકાશ,
તારી આંખોમાં,
તે તો છે પ્રભાતનું પારણું
અને તારાઓનું નજરાણું.
ખોવાય છે મારા ગીતો એના ઊંડાણમાં.

ઊડવું છે મારે એ આકાશમાં,
તેના એકલવાયા વિસ્તારમાં,
વીંધવા છે મારે એના વાદળ,
અને પ્રસારવી છે પાંખો એના પ્રકાશમાં.

–48–

Free me from the bonds of your sweetness, my love !
No more of this wine of kisses.
This mist of heavy incense stifles my heart.
Open the doors, make room for the morning light.
I am lost in you, wrapped in the folds of your caresses.
Free me from your spells,
and give me back the manhood
to offer you my freed heart.

The Gardener]

બંદી

મુક્ત કર મધુર બંધનમાંથી તારા, મારી વહાલી.
નથી ચાહ હવે આ તારા ચુંબનોના આસવની,
આ ધૂપના ગાઢ ધુમ્મસથી ગુંગળાય છે મારું હૈયું.

ખોલો દરવાજા,
અને
પથરાવા દો પ્રભાતનો પ્રકાશ.
તારા ગાઢ આલિંગનમાં વીંટળાયો છું હું,
ખોવાયો છું હું.

મુક્ત કર મને તારી માયામાંથી
જેથી હું ફરી મારું મુક્ત હૃદય
તને સમર્પિત કરી શકું.

–50–

Love, my heart longs day and night
for the meeting with you
-for the meeting that is like all devouring death.
Sweep me away like a storm;
take everything I have;
break open my sleep
and plunder my dreams.
Rob me of my world.
In that devastation,
in the utter nakedness of spirit,
let us become one in beauty.
Alas for my vain desire!
Where is this hope for union
except in thee, my God?

The Gardener]

પૂર્ણમિલન

પ્રિય, અહર્નિશ તલસે છે મન મારું, તારા મિલન માટે.
સર્વવ્યાપી, સર્વભક્ષી મૃત્યુ સમ મિલન માટે.
ઝંઝાવાતની જેમ મને ઘેરી લો
મારુ સર્વસ્વ લઈ લો.
મારી નિદ્રા તોડી, સ્વપ્નોને ચોરી લો
મારી દુનિયાને લૂંટી લો.
આ આસમાની સુલતાનીમાં,
આ નરી નગ્ન ચેતનામાં.
ચાલો આપણે સૌંદર્યમાં એક થઈ જઈએ.
હાય, મારા અપૂર્ણ અરમાન !
તારા સિવાય મારી ઐક્યની આશા કેમ ફળે,
મારા પ્રભુ.

–2–

The news of my love is abroad
among the spring flowers.
It brings to my mind the old songs.
My heart of a sudden has put on green leaves of desire.
My love came not but her touch is on my hair,
and her voice comes across the fragrant fields
in murmurs of April.
Her gaze is here in the sky, but where are her eyes?
Her kisses are in the air, but where are her lips?

Poems]

ગીતોચ્છ્વાસ

મારી વહાલીના સમાચા2 વસંતના ફૂલોમાં ફેલાઈ ગયા છે.
અને મને જૂનાં, જૂનાં ગીતો યાદ આવી ગયા છે.
એકાએક મારા હૃદયે કામનાના લીલા વાઘા પહેરી લીધા છે.
મારી વહાલી આવી નથી પણ એનો
સ્પર્શ મારા વાળમાં અનુભવાય છે.
અને એનો અવાજ વસંતના વાયરામાં
સુગંધ બની વને વને સંભળાય છે.
એની નજ2 અહીં આકાશમાં પથરાય છે.
ને એનું ચુંબન અવકાશમાં લહેરાય છે.

પણ ક્યાં છે, ક્યાં છે,
એની આંખો. એના હોઠ ક્યાં છે?